# કાર્યનોંધ
## પ્રકાશન સમિતિની બેઠક
## શૈક્ષણિક વર્ષ - ૨૦૧૬-૧૭ (પ્રથમ)

તા. ૨૭-૦૪-૨૦૧૬નાં રોજ માન.કુલપતિશ્રીનાં કાર્યાલયમાં અને તેમની અધ્યક્ષતામાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ની પ્રકાશન સમિતિની પ્રથમ બેઠકનું આયોજન થયું અને નીચે મુજબની ચર્ચા કરવામાં આવેલ છે.

- યુનિવર્સિટી ગ્રંથમાળા અંતર્ગત જે બે પુસ્તકોનું તા. ૦૪-૦૬-૨૦૧૫નાં રોજ માન. મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્યના વરદ હસ્તે વિમોચન થયેલ છે તે બંને પ્રકાશન માટે તદ્દન તૈયાર હોઈ તે બંને પુસ્તકોમાં માન. કુલપતિશ્રીનાં સંદેશ સાથે બંને પુસ્તકોનાં પ્રકાશન માટે સમિતિ ભલામણ કરે છે. બંને ગ્રંથોનાં શીર્ષક काव्यलक्षणम् (પુસ્તક-૧) અને छन्दःशास्त्र विकल्प गणित का विकास (પુસ્તક-૨) છે.

- વર્ષ ૨૦૧૫-૨૦૧૬ના મંજૂર થયેલ વાર્ષિક ટેન્ડર અનુસાર, સુદર્શન ગ્રાફિક્સે આપેલ ઉકત બંને પુસ્તકોનો અંદાજીત પ્રકાશન ખર્ચ નીચે મુજબ છે.:

  પુસ્તક-૧નો ૩૫૦ની પ્રત સંખ્યામાં છાપકામ ખર્ચ = ૧૪,૩૫૦ /-
  પુસ્તક-૧નો ૫૦૦ની પ્રત સંખ્યામાં છાપકામ ખર્ચ = ૧૭,૫૦૦ /-
  પુસ્તક-૨નો ૩૫૦ની પ્રત સંખ્યામાં છાપકામ ખર્ચ = ૪૯,૦૦૦ /-
  પુસ્તક-૧નો ૫૦૦ની પ્રત સંખ્યામાં છાપકામ ખર્ચ = ૫૭,૫૦૦ /-

- વેદાન્તપરિભાષા ગ્રંથની પુનઃસમીક્ષા કરવાની થાય છે, કારણ કે અગાઉ જે બે મહાનુભાવો (પ્રો. આર.આઈ. નાણાવટી અને પ્રો. મનસુખ મોલીયા) પાસે સમીક્ષા કરાવેલ છે તે બંને મહાનુભાવો વેદાંત વિષયના નથી. ગ્રંથની વ્યાખ્યા સંસ્કૃતમાં અને તેનો અનુવાદ ગુજરાતીમાં હોઈ વેદાન્તપરિભાષા ગ્રંથની પુનઃસમીક્ષા અર્થે સમિતિ ડૉ. આર.એ. ચોટલીયા અને ડૉ. કશ્યપ ત્રિવેદીના નામોની ભલામણ કરે છે. ગ્રન્થ પ્રકાશન યોગ્ય છે કે નહીં તે ખાસ લેખિતમાં લેવું.
- પ્રકાશન અર્થે આવેલ ગ્રંથોની સમીક્ષા અર્થે સમિતિ નીચે મુજબનાં સમીક્ષકોનાં નામોની ભલામણ કરે છે.

  પુસ્તક-૧ बारीन्द्रकुमार घोषः (ગુજરાતીમાંથી સંસ્કૃત અનુવાદ)
  - સમીક્ષક-૧= ડૉ. અમૃતલાલ ભોગાયતા
  - સમીક્ષક-૨= પ્રો. કમલેશ ચોક્સી

  પુસ્તક-૨ भर्तृहरि के तीन शतक (मूल संस्कृत से कुण्डलिया छन्द में हिन्दी अनुवाद)
  - સમીક્ષક-૧= ડૉ. નરેન્દ્રકુમાર પંડ્યા
  - સમીક્ષક-૨= પ્રો. 'અભિરાજ' રાજેન્દ્ર મિશ્રા

- વર્ષ ૨૦૧૪થી જે યુનિવર્સિટી ડાયરી-કેલેન્ડર-પ્લાનરનું છાપકામ કરવામાં આવે છે, તેમાંથી યુનિવર્સિટી નિયમાનુસાર વહેંચણી કર્યા બાદ વધતાં ડાયરી-કેલેન્ડર-પ્લાનર પડતર ભાવે વેચવા સમિતિ ભલામણ કરે છે. કારણ કે વર્ષ પૂર્ણ થયા બાદ તે તમામ સાહિત્ય કામ આવતું નથી. MRP છાપવી/છપાવવી નહીં. વહેંચણી પૂર્ણ થયા બાદ વધતાં ડાયરી-કેલેન્ડર-પ્લાનર પર પડતર કિંમતના સ્ટિકર લગાવી વેચવા મૂકવા સમિતિ ભલામણ કરે છે.

SHREE SOMNATH SANSKRIT UNIVERSITY VERAVAL

- શોધજ્યોતિ (યુનિવર્સિટી સંશોધન પત્રિકા)નું પ્રકાશન અગ્રતાને ધોરણે કરવા સમિતિ ભલામણ કરે છે. શોધજ્યોતિમાં પ્રધાન સંપાદક (Chief Editor) માન. કુલપતિશ્રી પ્રો. અર્કનાથ ચૌધરી અને પ્રકાશક (Publisher) માન. કુલસચિવશ્રી ડો. દશરથ જાદવ રહેશે. તેની પરામર્શ સમિતિમાં પ્રો. પી.એન. શાસ્ત્રી, પ્રો. દેવ નારાયણ ઝા, પ્રો. આર.કે. પંડા, પ્રો. હર્ષદેવ માધવ, પ્રો. કમલેશ ચોકસી, પ્રો. ડી. એન. પાંડેય અને પ્રિ. ડો. નરેન્દ્રકુમાર પંડ્યાના નામો સમિતિએ સૂચવેલ છે. આ તમામ મહાનુભાવોને પત્ર લખી તેમની લેખિત સહમતિથી તેમનો પરામર્શ સમિતિમાં સમાવેશ કરી પ્રકાશન કરવું. પ્રથમ અંકની સંપાદક સમિતિમાં પ્રો. વિનોદ કુમાર ઝા, પ્રો. અર્ચના દુબે, ડો. અમૃતલાલ ભોગાયતા, ડો. જાનકીશરણ અને ડો. કાર્તિક પંડ્યાના નામો સમિતિએ સૂચવેલ છે. શોધજ્યોતિમાં પ્રબન્ધ સંપાદક (Managing Editor) યુનિવર્સિટીમાં ફરજ બજાવતાં સંશોધન અધિકારી ડો. કાર્તિક પંડ્યા રહેશે. સોમજ્યોતિમાં પણ પ્રધાન સંપાદક, પ્રકાશક અને પ્રબન્ધ સંપાદક ઉપર મુજબ રાખવા ભલામણ છે.
- વાક્યાર્થજ્યોતિનું પ્રકાશન ISBN નંબર સહિત કરવાં સમિતિ ભલામણ કરે છે.
- "પ્રાભાસિકમ"નું પ્રકાશન ન કરવા અંગે સમિતિ ભલામણ કરે છે. શોધજ્યોતિમાં જ છાત્રભાગ રાખી પ્રકાશનની ભલામણ છે.
- NRI કોર્સ અંતર્ગત આવતી ગુજરાતી વિષયની પુસ્તિકા ૫ કે ૧૦ નંગમાં પ્રિન્ટ કરાવી સ્પાઇરલ બાઈંડીંગ સહિત રાખવા સમિતિ ભલામણ કરે છે.
- પ્રકાશનની અગ્રતામાં શોધજ્યોતિ, પ્રકાશન માટે તદ્દન તૈયાર બે પુસ્તકો અને વેદાન્તપરિભાષાનો ક્રમ રહેશે.

SHREE SOMNATH SANSKRIT UNIVERSITY VERAVAL

(ડૉ. કાર્તિક પંડ્યા)
સંશોધન અધિકારી